પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૧૦-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પરીક્ષા સમયે જ શિક્ષક, આચાર્ય અને CRC બધા વડાપ્રધાનના મોદીના કાર્યક્રમમાં, વાલીઓએ નારાજગી વ્યક્ત કરી

અમદાવાદ,

પીએમ મોદી આજથી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે છે. સાથે જ રાજ્યની સરકારી શાળામાં સોમવારથી એટલે કે આવતી કાલથી જ સત્રાંત પરીક્ષાનો પ્રારંભ પણ થઈ રહ્યો છે. પરંતુ આ દરમિયાન શિક્ષકોની જ શાળામાં ગેરહાજરી હશે તો વિદ્યાર્થીઓનું શું થશે? એ તો હવે રામ જાણેપ! આવા સવાલો એટલા માટે થઈ રહ્યા છે કારણ કે સરકારી શાળાના શિક્ષકો, આચાર્ય અને સીઆરસી સહિતના સ્ટાફને પીએમ મોદીના કાર્યક્રમની વ્યવસ્થામાં લગાવવામાં આવ્યો છે. પરીક્ષાના સમયે શિક્ષકો વિદ્યાર્થીઓની સાથે હોવા જોઈએ એના બદલે વિદ્યાર્થીઓને રામભરોસે છોડાયા છે અને શિક્ષકોને વડાપ્રધાનના કાર્યક્રમમાં.



ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે કેન્દ્રીય નેતાઓનાં આંટાફેરા ગુજરાતમાં સતત વધી રહ્યા છે એ અનુસંધાનમાં વડાપ્રધાન મોદી પણ ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે છે, અને તેમના જ કાર્યક્રમમાં શિક્ષકોને વ્યવસ્થામાં લગાવતા વિવાદ વકર્યો છે, એનું કારણ એક એ પણ છે કે રાજ્યની સરકારી શાળાઓમાં પહેલાથી જ શિક્ષકોની ઘટ છે, અને એવામાં સરકાર વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે શિક્ષકોનો આ પ્રકારે પોતાના ચૂંટણી પ્રચારના કાર્યક્રમોની વ્યવસ્થામાં લગાવીને ઉપયોગ કરશે ત્યારે વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કોણ કરશે એ પણ એક સળગતો સવાલ છેપ

નોંધનિય છે કે, શિક્ષણ એ દરેક નાગરિકનો અધિકાર છે પરંતુ હવે ભણતરના મુદ્દાને રાજકીય પક્ષો જોરશોરથી પોતાની પાર્ટીઓના પ્રચારના મુદ્દા તરીકે ઉપયોગ કરી રહ્યા છે, શિક્ષણની વ્યવસ્થા પુરી પાડવાની સરકારની જવાબદારીમાં આવે છે ત્યારે એ શિક્ષણ અને શિક્ષકોનો રાજકીય પક્ષો દ્વારા ખૂબ જ છીછરી રીતે ચૂંટણી પ્રચારમાં મુદ્દા તેમજ કાર્યક્રમોની વ્યવસ્થામાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આપના ગુજરાતમાં વધતા કદ અને સતત પ્રચારમાં શિક્ષણનો મુદ્દો ઉઠાવતા જોઈને અચાનક રાજ્ય સરકાર પણ સફાળી જાગી હોય એમ શિક્ષણ ક્ષેત્રે કરાયેલા કાર્યોનો જોરશોરથી પ્રચાર કરી રહી છે, ગુજરાતની સ્કૂલો તેમજ શિક્ષણની ગુણવત્તાના લેવલને દિલ્હી સાથે સરખાવવામાં આવી રહ્યા છે. એક સમયે ફી વધારા મુદ્દે વાલીઓ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધને લઈને સરકારના પેટનું પાણી પણ નહોતું હલતું અત્યારે એ જ સરકાર ખાનગી સ્કૂલોમાં મસમોટી ફી ના કારણે સરકારી સ્કૂલોમાં વધતી સંખ્યાનો આંકડો જાહેર કરીને વાહવાહી લૂંટી રહી છે. વિકાસની મોટી-મોટી વાતો વચ્ચે શિક્ષકોનો આ રીતે કાર્યક્રમોમાં અને શિક્ષણ વ્યવસ્થાનો ચૂંટણીનો મુદ્દો બનાવીને ઉપયોગ કરવાથી શિક્ષણની ગુણવત્તા ખાડે જાય તો નવાઈ નહીં.

વડાપ્રધાન તારીખ ૯ ઓક્ટોબરના રોજ મહેસાણા ખાતે રૂ.૨૮૯૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યોની જનતાને ભેટ આપી રહી છે, ત્યારે રાજ્યના મહેસાણા જિલ્લામાં પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે.

આ વિકાસ કાર્યોમાં રૂ.૫૧૧ કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝન (૫૩.૪૩ કિમી)નું લોકાર્પણ કરવામાં આવશે, જે અમદાવાદ-મહેસાણા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ (૬૮.૭૮ કિમી)નો એક ભાગ છે. સાથે જ, રૂ.૩૩૬ કરોડના ખર્ચે ઓએનજીસી-નંદાસણ સરફેસ ફેસિલિટી નું લોકાર્પણ કરવામાં આવશે.આ ઉપરાંત, જે વિકાસકાર્યો નું લોકાર્પણ થશે, તેમાં એમ.એસ. પાઈપલાઈન પ્રોજેક્ટ, મોઢેરા સોલાર વિલેજ, ધરોઈ ડેમ આધારિત વડનગર, ખેરાલુ અને ધરોઈ ગ્રુપ રિફોર્મ સ્કીમ, બેચરાજી-મોઢેરા-ચાણસ્મા રોડ, ઉંઝા-દસાજ-ઉપેરા-લાડોલ રોડ એક્સપાન્શન ની કામગીરી, મહેસાણા ખાતે રિજિયોનલ ટ્રેનિંગ સેન્ટર અને મોઢેરા સૂર્યમંદિર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શેનો સમાવેશ થાય છે. કુલ મળીને રૂ.૧૧૪૫.૬૪ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે રૂ.૧૧૮૧.૩૪ કરોડના ખર્ચે એનએચ-૬૮ ના પાટણથી ગોઝારિયા સુધીના રસ્તાનું ૪ લેન અપગ્રેડેશન અને પીએસ હાઈવેની કામગીરી નું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. આ ઉપરાંત, રૂ.૩૪૦ કરોડના ખર્ચે મિલ્ક પાવડર પ્લાન્ટ, રૂ.૧૧૦ કરોડના ખર્ચે ટેટ્રા પેક પ્લાન્ટ અને રૂ.૧૦૬ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. વિસનગર-ઉમટા-સુંઢિયા-ખેરાલુ રોડ પર બ્રિજીસ બાંધકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. બધું મળીને કુલ રૂ.૧૭૪૭.૩૮ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

## દિવાળી પહેલા જ સિંગતેલના ડબ્બાના ભાવમાં રૂ.૫૦નો વધારો

રાજકોટ,

રાજ્યમાં દિવાળી પહેલા જ ખાદ્યતેલના ભાવમાં તોતિંગ વધારો થયો છે. સિંગતેલના ડબ્બાના ભાવમાં ૫૦ રૂપિયાનો અને કપાસિયા તેલના ડબ્બામાં રૂપિયા ૧૦૦નો વધારો થયો છે. જે બાદ હવે સિંગતેલનો ભાવ ૨૯૫૦એ પહોંચી ગયા છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૪૦૦એ પહોંચી ગયા છે. તહેવારોની સિઝનમાં ખાદ્યતેલની માંગમાં વધારો થતાં ભાવમાં ધરખમ વધારો થયો છે. ફરી એકવાર સિંગતેલનો ડબ્બો ૩૦૦૦ને પાર પહોંચવાની સપાટી પર પહોંચી ગયો છે. સીગતેલનો નવો ભાવ રૂપિયા ૨૯૫૦ થયો છે. તો ૧૦૦ રૂપિયાના વધારા બાદ કપાસિયા તેલનો નવો ભાવ ૨૪૦૦ થયો છે.

આ ભાવ વધારા પર ગુજરાત ખાદ્ય તેલ વેપારી મહામંડળના પ્રમુખ બિપીન મોહને જણાવ્યું કે, આ વખતે હવામાનને કારણે ઉત્પાદન ઓછું થયું છે. તો તહેવારો આવતા બજારમાં ખાદ્ય તેલની માંગ ઘણી વધી છે. થોડા સમય પહેલા સિંગતેલના ડબ્બાનો ભાવ ૩ હજારે પહોંચી ગયો હતો. પરંતુ તેમાં ઘટાડો થયો હતો. હાલ સિંગતેલના ભાવમાં રૂપિયા ૫૦નો વધારો કરવામામ આવતા ભાવ ૨૯૫૦એ પહોંચ્યા છે. તો આગામી ટૂંકાગાળામાં ફરી રૂપિયા ૫૦નો વધારો થઈ શકે છે. જે બાદ સિંગતેલના ભાવ ફરી ૩ હજારે પહોચે તેવી શક્યતાઓ છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, દિલ્હી બાદ હવે ગુજરાતમાં પણ સીએનજીના ભાવમાં વધારો થઈ શકે છે.

## સોનિયા ગાંધી હવે ઓપરેશન ગેહલોત પાર પાડશે

નવીદિલ્હી,

કર્ણાટકથી પરત ફર્યા બાદ સોનિયા ગાંધી એ "ઓપરેશન ગેહલોત" શરૂ કર્યું છે. એ.આઈ.સી.સી. મહાસચિવ અજય માકને રાજસ્થાનના કોંગ્રેસના ધારાસભ્યો સાથે વ્યક્તિગત રીતે વાત કરવાનું શરૂ કરી દીધું છે

કોંગ્રેસ અધ્યક્ષ માટે હવે ગુપ્ત મતદાન દ્વારા ૧૭મી ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે. બીજી તરફ અશોક ગેહલોત હવે સંપૂર્ણ બળવાના મોડમાં આવી ગયા છે અને ભાજપ સાથે હાથ મિલાવવા માટે તૈયારી કરી રહ્યા હોવાનું ફલિત થાય છે.

તેમણે ગૌતમ અદાણીનું ભવ્ય સ્વાગત કર્યા બાદ, કહ્યું છે કે, અદાણી હોય, અંબાણી હોય કે અમિત શાહનો પુત્ર જય શાહ હોય, અમે તમામનું સ્વાગત કરવા માટે તૈયાર છીએ.

ગેહલોતે કોંગ્રેસ અને તેમની વચ્ચેના તમામ પુલનો નાશ કર્યો છે અને સરકાર પડે તે પહેલાં તેઓ સરકારમાં જ રહે અથવા તો ચૂંટણીની માગણી કરે તે જોવાનું રહ્યું. એક તરફ તેમના સંબંધો ગાંધી પરિવાર (હાઈકમાન્ડ) સાથે બગડ્યા છે બીજી તરફ તેઓ કોઈપણ રીતે વર્તમાન સંકટમાંથી બહાર આવે, તો પણ સરકાર લાંબા સમય સુધી ટકી શકશે નહીં. ત્યારે સોનિયા ગાંધી હવે ઓપરેશન ગેહલોત પાર પાડવા આગળ વધી શકે છે.

## દીપોત્સવ અયોધ્યા : રામનગરીમાં દીપોત્સવની તૈયારીઓ પૂરજોશમાં, આ વખતે પણ બનશે વર્લ્ડ રેકોર્ડ

લખનૌ,

આ વખતે પણ વર્લ્ડ રેકોર્ડ બનાવવાની ભાવના સાથે રામનગરીમાં દીપોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ૨૧ થી ૨૩ ઓક્ટોબર દરમિયાન દીપોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. મુખ્ય ઉત્સવ ૨૩ ઓક્ટોબરે યોજાશે. આ દિવસે રામના ચરણોમાં ૧૪.૫૦ લાખ દીવા પ્રગટાવીને વિશ્વ રેકોર્ડ બનાવવાનું લક્ષ?ય રાખવામાં આવ્યું છે.

રામકથા પાર્કમાં ભવ્ય રામ રાજ્યાભિષેક સમારોહનું આયોજન કરવામાં આવશે. આ ક્રમમાં ૭.૫૦ લાખ દીવા રામના ચરણોમાં પહોંચી



ગયા છે, જેને સુરક્ષિત રાખવામાં આવ્યા છે.જેમ જેમ દીવા કરવામાં આવશે, તેઓને રામના ચરણોમાં લાવવામાં આવશે. દીપોત્સવના નોડલ ઓફિસર પ્રો. અજય પ્રતાપ સિંહે માહિતી આપી હતી કે રામ કી પાઈડી, સરયૂ તટ સહિતના અનેક ઘાટો પર દીવા પ્રગટાવવામાં આવશે. થોડા દિવસો પહેલા જ દીપ પ્રગટાવવાનું કામ શરૂ થશે. સ્થાનિક કુંભારોએ ડાયો તૈયાર કર્યો છે. જેને રામના ચરણોમાં એક જગ્યાએ સુરક્ષિત રાખવામાં આવી રહ્યા છે. ૧૮ હજાર સ્વયંસેવકોને પણ આ દીવાઓ પ્રગટાવવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે.

જણાવ્યું કે આ વખતે દીવાની સાઈઝ વધી ગઈ છે. ગત વખતે જ્યાં દીવામાં ૩૦ મિલી તેલ આવતું હતું, આ વખતે દીવામાં ૪૦ મિલી તેલ આવશે. તેમણે કહ્યું કે કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપવામાં આવી છે કે ૧૫ દિવસ અગાઉ તમામ સામાન યુનિવર્સિટીના દીપોત્સવ કાર્યાલયમાં પહોંચાડવો. એક અંદાજ મુજબ રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાંથી લગભગ ૪૦ હજાર ડાયા ઉપલબ્ધ થશે.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા ડાબા કાંઠાની કોલીયા, કારવા સબ કેનાલમાં કેટલાક ઈસમોએ પુરણ કરી પ્રવાહને અવરોધ કર્યો હોય તે દુર કરવા વિભાગીય ઈજનેરને આવેદન



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

લુણાવાડા વિસ્તારમાં કોલીયા, કારવા સબમાઇનોર પિયત વિસ્તારના સિંચાઇ લાભાર્થીઓ ગામ સોનેલા, દલુખડીયા, નવા કારવા, જુના કારવા તથા માળીયા ગામોના સિચાઇ લાભીત ખેડુત ખાતેદારોએ કડાણા ડાબા કાંઠા નહેર પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે સરકારે દીર્ઘદ્રષ્ટિથી આશરે ૪૦ વર્ષથી કડાણા જળાશય યોજના બનાવી છેક છેવાડાના વિસ્તારના લાભાર્થી ખેડુતોને સિંચાઇનું પાણી મળી રહે તેવા ઉમદા આશય થી મુખ્ય નહેરમાંથી લુણાવાડા તાલુકાના ગામોના ખેડુતોને સિંચાઇની સુવિધા મળી રહે તે માટે સોનેલા માઇનોર માંથી નિકળતી કોલીયા માઇનોર તથા કારવા સબ માઇનોર જે લુણાવાડા સોનેલ હાઇવેને સંમાતર પસાર થાય છે અને જે કડાણા ડાબા કાંઠા નહેરની પેટા વિભાગીય કચેરી થી ૨ થી ૩ કીમીનાં અંતરે જ છે. જેની લંબાઇ ૨૫૦૦ મી તથા ૮૦૦મી છે અને બન્ને માઇનોરનો પિયત વિસ્તાર આશરે ૬૦૦ હેકટરમાં સિંચાઇ થતી હતી. તેવી વ્યવસ્થા કરવામાં આવેલ હતી. છેલ્લા કેટલાક સમયથી ગામોના ખાતેદારો તેમજ કડાણા ડાબા કાંઠા નહેર પેટા વિભાગની કચેરીની જાણ મુજબ કોલીયા તથા કારવા સબ માઇનોર જે હાઇવેને સંમાતર પશ્ચિમ દિશાએથી પસાર થાય છે. જેમાં કેટલાક ઇસમો દ્વારા નહેરની સંપાદીત જમીનમાં તથા નહેરમાં ગેરકાયદેસર પુરાણ કરી, દઇ ભુંગળા નાખી દઇ, કેનાલ પ્રવાહને અડચણ રૂપ થાય તે રીતે પાકા બાંધકામો ઉભા કરી દઇને છેવાડાના કમાન્ડ વિસ્તારને લાભાર્થી ખેડુતોને સિંચાઇથી વંચિત થવાની પુરેપુરી સંભાવના રહેલ છે. તેમ છતા આજદિન સુધી સક્ષમ કક્ષાએથી કોઇ કાર્યવાહી થતી ન હોય તેમ જણાઇ આવે છે. આ દબાણ કર્તાઓએ મનસ્વી રીતે દબાણ કરી નહેરમાં પુરાણ કરી કોલીયા તથા કારવા સબ માઇનોરના અંદાજે ૪૦૦ હેકટરના ખેડુત ખાતેદારોને સિંચાઇ થી બાકાત રાખવાનો પ્રયાસ કરેલ હોઇ કચેરી મારફતે તાત્કાલીક જાત તપાસ કરી કોલીયા તથા કારવા સબ માઇનોરને પુનઃસ્થાપિત કરી પુનઃ મુળ સ્વરૂપમાં યથાવત કરવાની તાત્કાલીક કાર્યવાહી કરવા આવેદનમાં રજૂઆત કરી છે. આ બાબતે અગાઉ પણ ખેડૂતોએ વાંરવાર રજુઆત કરેલ છે, પરંતુ કોઇ નકર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. જેથી પાંચ ગામના લાભાર્થી ખાતેદારોને આપની કચેરીએ ગાંધી ચિંધ્યા માર્ગે આદોલન કરવાની ફરજ પડશે તેમ જણાવી આ બાબતને ગંભીર ગણી તાત્કાલીક કાર્યવાહી કરવા આવેદનપત્ર કોલીયા, કારવા, સબમાઇનોર પીયત વિસ્તારના સોનેલા, દલુખડીયા, નવા કારવા, જુના કારવાં તથા માળીયા પાંચ ગામના સિંચાઇ લાભાર્થી ખેડુત ખાતેદારોના હિતમાં પાઠવ્યું હતું. આ ઉપરાંત તાત્કાલિક અસરથી કાર્યવાહી કરાવવા આવેદનપત્રની નકલ મુખ્યમંત્રી, સિંચાઇ મંત્રી, કાર્યપાલક ઇજનેર,અધિક્ષક ઇજનેરને મોકલી છે.

# વિરપુર તાલુકાના બેતાળીસ કડવા પાટીદાર સમાજ દ્વારા સિંચાઈના તેમજ પીવાના પાણીના પ્રશ્નો માટે ઉગ્ર આંદોલન તથા મતદાન બહિષ્કારની ચીમકી



**વિરપુર તાલુકાના ૩૦ જેટલા ગામોમાં દાયકાઓથી સિંચાઈના પાણીનો લાભ આપવામાં આવતો નથી. માત્ર ચોમાસાની સિઝનમાં વરસાદથી ખેતી થાય તેજ પ્રમાણેની ખેતી કરી રહ્યા છે. આ બાબતને લઈને સિંચાઈ વિભાગને છેલ્લા ૧૫ વર્ષથી લેખીત રજુઆત કરી હોવા છતાં આ રજુઆતને ધ્યાને લેવામાં આવતું નથી. જેને લઈને ૪૨ કડવા પાટીદાર સમાજના ૩૦ જેટલા ગામોના અગ્રણીઓ દ્વારા આવનાર દિવસોમાં વિરપુર તાલુકાને સિંચાઈનો લાભ નહીં આપવામાં આવે તો ઉગ્ર આંદોલન તેમજ આવનારી ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.**
**જેન્તીભાઈ પટેલ બેતાળીસ કડવા પાટીદાર સમાજના અગ્રણી...**

વિરપુર,

હાલ સમગ્ર ગુજરાતમાં સરકારી કર્મચારીઓ હડતાળ સમેટવામા સરકાર કમર તોડી બાદ હવે સરકાર સામે ખેડૂતો આંદોલન પર બેઠવાની ચીમકી ઉચ્ચારી રહ્યાં છે ત્યારે વિરપુર તાલુકાના બેતાળીસ કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ દ્વારા સિંચાઇ અને પીવાના પાણીની માંગને લઈને સરકાર સામે બાંયો ચડાવી છે.

વિરપુર તાલુકાના નાની સિંચાઈના તળાવો જેવા કે ધોરી ઘાટડા, ડેભારી, ખાટા, કોયડમ, ભવાનીના મુવાડા, વઘાસ, ભાટપુર સહિતના ૩૦ જેટલા ગ્રામ્ય તળાવ તેમજ ચેક ડેમો દ્વારા સીધી તેમજ આડકતરી રીતે ૫૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ તેમજ ૩૦ ગામોના પીવાના પાણીનો ઉકેલ આવી શકે તેમ છે અને તેના માટે છેલ્લા ૧૫ વર્ષથી સરકાર તેમજ વિવિધ કક્ષાએ આ માટે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવેલી છે. આ વિસ્તાર માટે તાલુકાની મધ્ય માંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલ માંથી નીકળતી સૂચિત લુપ કેનાલની વર્ષ–૨૦૦૪માં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ પરંતુ એક યા બીજા કારણસર કામગીરી હાથ ઉપર ન ધરી અને આ વિભાગને લાભથી વંચિત રાખી હળાહળ અન્યાય કરવામાં આવેલ છે. ચાલુ વર્ષ દરમિયાન કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર, બાલાસિનોર, વિરપુર, લુણાવાડા, બાયડ વગેરે સાત તાલુકાના વંચિત વિસ્તારને લાભ આપવા માટે સરકાર દ્વારા એજન્સી નિયુક્ત કરી પ્રથમદર્શી અહેવાલ સાદર કરવા માટે જણાવેલ. જેમાં કપડવંજ, કઠલાલ, ગડતેશ્વર અને બાલાસિનોર તાલુકાના ૧૨૦ ગામોના તળાવો, ચેક ડેમો અને નાની સિંચાઈના તળાવો મહીસાગર નદી માંથી ઉદવહન થી ભરવા કામગીરી કરવા માટે ૮૫૨ કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપી અને વિરપુર તાલુકાના એક છેડે થી પસાર થતી આ નદી માંથી પાણી લેવાના વિકલ્પો માંથી બાકાત રાખી અને ફરીથી ઓરમાયુ વર્તન રાખવામાં આવેલ છે. આ બાબતને લઈને દીન ત્રણમાં અધિકૃત રીતે લેખિત બોહેધરી ન મળે તો ૩૦ ગામના લોકો આખરે મહીસાગર કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપી ઉગ્ર આંદોલન તેમજ આવનારી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# સંતરામપુર નગરમાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઈદે મીલાદની ઉજવણી કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં ઈદે મીલાદ નિમિત્તે જુલુસ કાઢવામાં આવ્યો. મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો આજ જુલુસમાં જોડાયા સવારથી જુમ્મા મસ્જિદ પાસે મુસ્લિમ બિરાદરો ભેગા થઈને હુસેની ચોક, ટાવર રોડ, ભોઈવાડા, બસ સ્ટેન્ડ ચાર રસ્તા વિવિધ વિસ્તારોમાં બાળકો વડીલો આ જુલુસમાં ઈદે મિલાદની ઉજવણી કરવા માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નગરના વિવિધ વિસ્તારોમાં ડેકોરેશન સજાવટ કરવામાં આવેલું શાંતિ પૂર્વક માહોલમાં ઝુલુસ કાઢીને ઈદે મિલાદની ઉજવણી કરી હતી. પોલીસ તંત્ર ખડે પગે ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને પોતાની ફરજ નિભાવી હતી. સંતરામપુરના જુમ્મા મસ્જિદના પેસ ઈમામ શાંતિ અમન માટે દુઆ પણ કરી હતી.



**૧૦૮ કુંડી નવચેતના જાગરણ ગાયત્રી મહાયજ્ઞ, ગાયત્રી શકિતપીઠ સંતરામપુરનો ૨૪મો પાટોત્સવ નિમિતે ઉજવાયો. તે અંગે આજરોજ શરદ પૂર્ણીમાના શુભદિને તા.૯/૧૦/૨૦૨૨ના રોજ યજ્ઞ શાળાના ભૂમી પૂજન ગુ.રાજ્ય ઉચ્ચકક્ષાના મંત્રી ડૉ.કુબેરભાઈ ડીંડોર તથા ગુજરાત રાજ્ય ગાયત્રી પરિવાર ઝોનના પ્રભારી અશ્વિનભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું.**

# મલેકપુર પંથક સહિતના ગામોમાં વરસાદ થતાં જ ડાંગરના પાકને નુકસાન



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

ગત રાત્રે મહીસાગર જિલ્લામાં જે રીતે વરસાદ વર્ષો તેને લઈને પાછોતરા વરસાદના કારણે ખેતીમાં નુકસાન જોવા મળી રહ્યું છે. લુણાવાડા તાલુકાના મલેકપુર વેલણવાળા ગામે વરસાદના કારણે ડાંગરનો પાક આડો પડી જતા ખેડૂતોનો તૈયાર થયેલા પાકને નુકસાન જોવા મળી રહ્યું છે. ડાંગર તો ઠીક પરંતુ ખેડૂતોને ઘાસચારો પણ તેમાંથી મળે તે મુશ્કેલ બન્યું છે મલેકપુર. ગેંગડીયા હડમતીયા ગોવિંદપુરા દોલતપુરા શામળા દરજીના ચાકલીયા સહિત ના ગામોમાં ડાંગર આડી પડી ગઈ છે ત્યારે ખેડૂતોને હવે રોવાનું વારો આવ્યો છે. હાથ માંથી કોળિયો છીનવાયો મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર સહિત વેલણવાળા ગામના કે જ્યાં વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર થયેલો ડાંગરનો પાક આડો પડી ગયો, મહીસાગર જિલ્લામાં ડાંગરનો પાક સૌથી વધુ થતો હોય છે. ત્યારે સિઝનમાં આ વર્ષે સારો વરસાદ વરસતા ખેડૂતોએ સમયસર ડાંગરની વાવણી કરી હતી અને ડાંગરનો પાક તૈયાર પણ થયો પરંતુ ગતરાત્રિએ જે રીતે મહીસાગર જિલ્લામાં વરસાદ વર્ષો જેમાં બાલાસિનોર તાલુકામાં બે ઈંચ થી વધુ વરસાદ અને લુણાવાડા તાલુકામાં એક ઈંચ થી વધુ વરસાદ નોંધાયો. તેમજ જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ વરસાદ નોંધાયો. જેને લઈને ડાંગરના પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન જોવા મળી રહ્યું છે. લુણાવાડા તાલુકાના વેલણવાળા ગામે ખેડૂતોએ સમયસર ડાંગરની વાવણી કરી હતી અને ડાંગરની સારૂ એવું ઉત્પાદન પણ મળે તેવી આશા હતી. ડાંગરનો પાક તૈયાર જ થઈ ગયો હતો કે, જિલ્લામાં વરસાદ એ ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવી દીધું ખેતરમાં ઉભો ડાંગરનો પાક વરસાદના કારણે આડો પડી જતા ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. ડાંગરનો પાક આડો પડી જતા ડાંગર તો ઠીક પરંતુ ઘાસચારો પણ મળી શકે તેમ નથી. આ સિવાય પણ જિલ્લામાં મકાઈ સહિત ઘાસચારાના પાકોમાં પણ નુકસાન જોવા મળી રહ્યું છે.

# ગરબાડા પ્રા.શાળાને તસ્કરોએ નિશાન બનાવી ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ચોરી કરી ફરાર



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં ગતરોજ રાત્રિના સમયે ચોરીના મક્કમ ઈરાદા સાથે રાખેલા અજાણ્યા ઘરફોડ તસ્કરોએ ગરબાડા પ્રાથમિક શાળાને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ શાળાના તાળા તોડી શાળામાં પ્રવેશ કર્યો હતો. શાળાના ૭ ઓરડાઓના તાળા તોડી તેમાંથી યાંત્રિક ઉપકરણોની ચોરી કરી શાળામાં લાગેલા સીસીટીવી કેમેરામાં તોડફોડ કરી રાત્રિના અંધારામાં ચોરીની ઘટનાને અંજામ આપી બિન્દાસ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. જોકે, ઘરવાળા પંથકમાં ટૂંકા ગાળામાં જ તસ્કરોએ બેખોફ બની બિન્દાસ્તપણે ત્રણથી વધુ શાળાઓને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી બાકી પોલીસને પડકાર ફેંક્યો છે. ત્યારે પંથકમાં વધી રહેલી ચોરીની ઘટનાઓને પગલે એક તરફ લોકોમાં ભયની સાથે ફફડાટનો માહોલ જોવા મળ્યો છે. તો બીજી તડફ પંથકમાં વધી રહેલી ચોરીના બનાવોના પગલે પોલીસની નાઈટ પેટ્રોલિંગ તેમજ કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. હાલ પોલીસે ઘટના સબંધી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી વાહન નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સાથે સાથે અપહરણ બળાત્કાર તેમજ હત્યા જેવા ગુનાઓ પણ નોંધવા પામ્યા છે. ત્યારે દાહોદ જિલ્લામાં છેલ્લા બે થી ત્રણ માસ દરમિયાન પોલીસની નાઈટ પેટ્રોલિંગની ધજાગરા ઉડાવી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતી ગેંગે ભારે આતંક મચાવ્યો છે. ઘરફોડ ચોરીને અંજામ આપતી આ ગેંગે વીતેલા અઢી મસથી વધુ સમયગાળામાં બેખોફ બની ૨૫ થી વધુ પ્રાથમિક શાળાને નિશાન બનાવી શાળામાં લાગેલા યાંત્રિક ઉપકરણો સહિતના માલમત્તાની ચોરીને બિન્દાસપણે ભાગી છૂટવામાં સફળ રહ્યા છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં વધી રહેલી પ્રાથમિક શાળાઓના ચોરી પર અંકુશ લગાવવામાં પોલીસ સદંતર નિષ્ફળ નિષ્ફળ નીવડી છે. ત્યારે ગતરોજ રાત્રીના સુમારે પુનઃ એક વાર ચોરીના મક્કમ ઈરાદા સાથે ત્રાટકેલા તસ્કરોએ ગરબાડા માધ્યમિક શાળા ને નિશાન બનાવી શાળાના ૭ ઓરડાઓના તાળા તોડી શાળામાં લાગેલા CCTV કેમરાની તોડફોડ કરી શાળામાં લાગેલા ૭ પંખા એક મોનિટર સહિતના યાંત્રિક ઉપકરણોની ચોરી કરી રાત્રિના અંધારામાં ફરાર થઈ જવા પામ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, તસ્કરોએ ગરબાડામાં અગાઉ પણ ત્રણથી વધુ શાળાઓમાં ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસને પડકાર્યો છે. ત્યારે અગાઉ ગુલબાર ગામે આવેલ પ્રાથમિક શાળામાં તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ બન્યો હતો. જેમાં શાળામાં લગાવેલ એલ.ઈ.ડી ટીવી સિસ્ટમ સેટઅપ બોક્સ બે નંગ પંખા મળી કુલ ૩૭,૦૦૦ ની ચોરી થઈ હતી. ત્યારબાદ ગરબાડા તાલુકાના નવા ફળિયા પ્રાથમિક શાળા તથા ગ્રામ પંચાયત નવા ફળિયામાં બન્યો હતો. જે તારીખ ૨૪ સપ્ટેમ્બર થઈ હતી. જેમાં એલઈડી ટીવી બે પંખા સ્પીકર સતરજી તથા પંચાયત નવફાલીયા માંથી બે વજન કાંટાની ચોરી થઈ હતી. આમ, ગરબાડા તાલુકામાં પાછલા એક મહિનામાં ત્રણથી વધુ શાળાઓને નિશાન બનાવી તસ્કરોએ પંથકમાં ભયનો માહોલ ઊભો કર્યો છે. ત્યારે. ગરબાડા પંથક સહિત દાહોદ જિલ્લામાં વધી રહેલી પ્રાથમિક શાળાની ચોરીઓ પર અંકુશ લાવવા દાહોદ પોલીસ કોઈ નક્કર આયોજન કરે તેવી લાગણી તેમજ માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉઠવા પામી છે.

# ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ ગામે વરસાદના પગલે ત્રણ વીજપોલ ધરાશાઈ થયા



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામના ખરાડ ફળિયા માં વરસાદના પગલે ત્રણ જેટલા વીજપોલ ધારાશાઈ થયા છે. આ વીજપોલ ખેતરોમાં પડ્યાને લગભગ એક મહિનાનો સમય થવા આવ્યો છે, પરંતુ ગરબાડા MGVCL ના કર્મચારીઓ કે અધિકારીઓ દ્વારા આ વીજપોલને ખેતરોમાંથી હટાવી ફરીથી ઊભા કરવાની તજવીજ હાથ ધરવામાં આવેલ નથી. જેના કારણે ખેડૂતો દ્વારા વીજ ડરથી ખેતરોમાં જવાનું બંધ કરી દીધેલ છે, માટે MGVCL દ્વારા પડી ગયેલ વીજપોલને ખેતરો માંથી હટાવી કામગીરી હાથ ધરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. આ KB લાઈન થી ઝરીબુઝર્ગ ૧૫૦ થી વધારે ખેડૂતો સિંચાઈ માટે આ લાઈનનો ઉપયોગ કરતા હોય છે. આ વીજપોલને જમીનની અંદર વધારે ઊંડાણ કરી રોપવામાં ન આવતા તથા જે સિમેન્ટનો માલ નાખવામાં આવેલ છે. તેની કામગીરી યોગ્ય રીતે નહીં કરવાના કારણે તેમજ બેદરકારી પૂર્વકની કામગીરીના કારણે વીજપોલ ધરાશાઈ થયા હોય તેમ સામે આવ્યું છે. આ બાબતે MGVCLના અધિકારી જોડે વાત કરતા તેમને જણાવ્યું હતું કે, ગામ તળના પડેલા થાંભલા ઉભા કરવામાં આવ્યા છે અને ખરાડ ફળિયાની સામે પડેલ થાંભલાની તપાસ કરી તમને જણાવીશું તેમ જણાવ્યું હતું.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**ઝાલોદ એ.પીએમ.સી ના પ્રમુખ તેમજ પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા દ્વારા કારઠ ગામે પ્રાથમિક શાળાના ત્રણ નવીન ઓરડા માટે ૨૧ લાખ, રળિયાતીભુરા ગામે પ્રાથમિક શાળાના નવીન ૪ ઓરડા માટે ૨૮ લાખ, ટાડાગોળા ગામે પ્રાથમિક શાળાના નવીન ૧૧ ઓરડા માટે ૭૭ લાખ, ચાટકા ગામે પ્રાથમિક શાળાના નવીન ૩ ઓરડા માટે ૨૧ લાખ એમ ટોટલ ૧૪૭ લાખના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.**

# ભાઈની મરણોત્તર ક્રિયા બંધ રાખી આહાર થકી સમાજમાં નવો ચીલો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયાના શૈલેષ સોનીનું તા.–૬–૧૦–૨૨ ના રોજ અવસાન થતાં આહાર ટ્રસ્ટ દ્વારા તેઓના અગ્નિ સંસ્કાર બાદની હાલના સમાજમાં પ્રવર્તતી તમામ મરણોત્તર ક્રિયા બંધ રાખી તેને બદલે તે નાણામાંથી ગામના છેવાડાની ઝૂંપડપટ્ટીમાં રહેતા ચાર ગરીબ પરિવારોને માટે એક રૂમ રસોડાનું નવું પાકું મકાન તમામ ઘરવખરી સાથે બનાવી આપવાનું મૃતકના અવસાનના ચોથા દિવસ એટલે કે આજે શરદ પૂનમના શુભદિન થી જ ચાલુ કરી સમાજમાં નવો ચીલો પાડી એક અદ્દભુત અને સરાહનીય દાખલો બેસાડ્યો છે. સાથે સાથે ચારેય પરિવારના બાળકોને ભણાવવાની સંપૂર્ણ જવાબદારી પણ આહારે સ્વીકારી છે. મળતી માહિતી પ્રમાણે મૃતક શૈલેષભાઈ સોની, આજીવન કુંવારા હતા અને તેમની ઈચ્છા મુજબ તેમની જીવનભરની બચતમાંથી ઉપરોક્ત શુભ કાર્ય કરવામાં આવી રહ્યું છે. મૃત માણસની પાછળ શિક્ષણ સ્વાસ્થ્ય–કે સમાજના હિતમાં નાણાંનો ઉપયોગ કરીએ તો સ્વર્ગ માટે માણસે મૃત્યુ સુધી રાહ જોવી પડે તેમ નથી. મૃત્યુ પછીની ચિંતા કરવાને બદલે આપણે બધા વર્તમાનને સુધારવાની કોશિશ કરીએ તો બધી સમસ્યાઓનો ઉકેલ હાથ વ્હેતમાં છે.

# દાહોદ જીલ્લામાં મુસ્લીમ બિરાદરો ઈદે મિલાદુનનબી પર્વની ધામધૂમથી ઉજવણી કરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં મુસ્લિમ બિરાદરો દ્વારા આજરોજ જશ્ને ઈદે મિલાદુન નબી પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરી હતી. મુસ્લિમ બિરાદરોએ મસ્જીદમાં વિશેષ નમાઝ અદા કરી, ત્યાર બાદ પર્વની એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી અને દાહોદ શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલુસ પણ કાઢ્યું હતું. દાહોદ શહેર સહિત જિલ્લામાં મુસ્લિમ બિરાદરો દ્વારા જશ્ને ઈદે મિલાદુન નબી પર્વની હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરી હતી. સમાજના લોકોએ મસ્જીદમાં વિશેષ નમાઝ અદા કરી હતી અને ત્યાર બાદ એકબીજાનું મોંહ મીઠું કરાવી પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા પર્વની ખાસ ઉજવણીને ધ્યાનમાં રાખી દાહોદ શહેરમાં ડી.જે.ના તાલે ભવ્ય જુલુસ પણ કાઢવામાં આવ્યું હતું. જુલુસમાં દાહોદ શહેરના મુસ્લિમ બિરાદરો સાથે સમાજની મહિલાઓ અને બાળકો પણ જુલુસમાં જોડાયાં હતા. જે સ્થળોએ જુલુસ નીકળ્યું હતું ત્યારે સમાજના લોકો દ્વારા ખાણીપીણીના વિવિધ સ્ટોલો પણ લગાવવામાં આવ્યાં હતાં. ઠંડાપીણા, ખાણીપીણીની સુવિધા સાથે જુલુસ દાહોદ શહેરમાં ફર્યું હતું. મોડી સાંજે અને રાત્રીના સમયે દાહોદ શહેરના બાગ બગીચાઓમાં ચહલ પહલ પણ જોવા મળી હતી. બજારમાં ભારે ભીડ પણ જોવા મળી હતી.

# આપની આજ.......

મેષ : નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ સારી સફળતા મળી શકે છે, પ્રયત્નશીલ રહેજો. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ તથા મુસાફરીમાં અવરોધ ઉભા થઈ શકે છે. લવ લાઈફની સાથે આનંદમય સમય વિતાવી શકશો.

વૃષભ : વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે. રચનાત્મક કાર્યોમાં તમારી રૂચિ વધશે.

મિથુન : તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. લવ લાઈફમાં તમારા સન્માનમાં વધારો થઈ શકે છે. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

કર્ક : આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્યને લઈને દોડધામ કરવી પડી શકે છે.

સિંહ : વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનુ દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતા પૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

તુલા : આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે.

વૃશ્ચિક : બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે. જો કોઈ તમારી પાસે ઉધાર માંગે તો ક્યારેય આપતા નહીં.

ધનુ : આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલા લેવાની જરૂર પડી શકે છે. દિવસના બીજા ભાગમાં મહિલા મિત્રોની સાથે સમય પસાર થઈ શકે છે.

કુંભ : વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. દિવસના બીજા ભાગમાં શુભ ખર્ચ તમારી ખ્યાતિમાં વધારો કરવાનું પરિબળ બની શકે છે.

મીન : બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનુ સંપૂર્ણ ધ્યાન રાખજો. કોઈ અધિકારીની મદદથી સંપતિ પ્રાપ્ત થઈ શકે છે.

75 આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

GIDC
GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION



# આદરણીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
# વરદ્‌હસ્તે

## રાજ્યના પ્રથમ સર્વ-સુવિધાયુક્ત બલ્ક ડ્રગ પાર્કના
## નિર્માણ કાર્ય તથા વિવિધ ઔદ્યોગિક પાર્ક અને
## ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના
## રૂ. ૮૨૦૦ કરોડથી વધુના વિવિધ કામોનું
## ભૂમિપૂજન, ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ સમારોહ



**સોમવાર, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૨**
**સવારે ૧૦:૦૦ વાગે,**
**રેવા સુગર, આમોદ, ભરૂચ**





### ખાતમુહૂર્ત

| | |
|---|---|
| **બલ્ક ડ્રગ પાર્ક (જંબુસર)**<br>બલ્ક ડ્રગના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા | ₹ ૨૫૦૬ કરોડ |
| **ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ**<br>(દહેજ)<br>કેમીકલ એફલુઅન્ટના નિકાલ માટે સવિશેષ વ્યવસ્થા | ₹ ૫૫૮ કરોડ |
| **મલ્ટીલેવલ ઔદ્યોગિક શેડ**<br>(અંકલેશ્વર અને પાનોલી)<br>વિકસિત વસાહતોમાં પ્લગ એન્ડ પ્લે પ્રકારના શેડ | ₹ 30 કરોડ |
| **અંકલેશ્વર એરપોર્ટ** (ફેઝ-૧) | ₹ ૧૦૦ કરોડ |



### ભૂમિપૂજન

રાજ્યમાં વિવિધ ઉદ્યોગોના સર્વાંગિક વિકાસ માટે નાના કદની વસાહતો

| | |
|---|---|
| **એગ્રો ફૂડ પાર્ક**<br>(મુડેઠા-બનાસકાંઠા) | ₹ ૭૦.૮૭ કરોડ |
| **૪ ટ્રાયબલ ઔદ્યોગિક પાર્ક**<br>(વાલીયા-ભરૂચ, વનાર-છોટાઉદેપુર, ચાકલીયા-દાહોદ અને અમીરગઢ-બનાસકાંઠા) | ₹ ૧૨૭.૫૮ કરોડ |
| **સી-ફૂડ પાર્ક (કકવાડી-દાંતી, વલસાડ)** | ₹ ૮૯.૯૮ કરોડ |
| **એમ.એસ.એમ.ઈ. પાર્ક (ખાંડીવાવ-મહિસાગર)** | ₹ ૧૭૬.૯૪ કરોડ |

### લોકાર્પણ

| | |
|---|---|
| **કોસ્ટિક સોડા ઈન્ટીગ્રેટેડ વિથ પાવર પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૨૩૦૦ કરોડ |
| **ક્લોરોમિથેન પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૮૫૦ કરોડ |
| **કોસ્ટિક સોડા વિસ્તરણ પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૫૫૦ કરોડ |
| **હાઈડ્રેજીન હાઈડ્રેટ** (જી.એ.સી.એલ.) | ₹ ૪૦૫ કરોડ |
| **ભરૂચ ભૂગર્ભ ડ્રેનેજ અને STP**<br>(શહેરી વિકાસ વિભાગ) | ₹ ૧૧૭.૫૩ કરોડ |
| **ઉમલા અસા પાનેઠા રોડ**<br>(માર્ગ અને મકાન વિભાગ) | ₹ ૪૨ કરોડ |
| **IOCL દહેજ કોયાલી પાઈપલાઈન**<br>(કેન્દ્ર સરકાર) | ₹ ૩૧૫ કરોડ |

## આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત!

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (ગુજરાત સરકારનું ઉપક્રમ)**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## હાલોલ તાલુકાની પ્રા.શાળામાં ફરજ બજાવતા શિક્ષકો

# શાળામાં હાજર નહિ રહી ખાનગી શાળાના મેનેજમેન્ટની કામગીરી કરી સરકારને નુકશાન કરી રહ્યા હોવાની શિક્ષણ સચિવને લેખિત રજુઆત

ગોધરા,

હાલોલ તાલુકાના સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો જે અભેટવા પ્રા.શાળા અને વિઠ્ઠલપુરા પ્રા.શાળામાં પોતાની ફરજ બજાવતા હોય તેમ છતાં હાલોલની સરસ્વતી વિદ્યામંદિર શાળામાં મેનેજમેન્ટની કામગીરી છેલ્લા એક વર્ષ ઉપરાંતથી સંભાળી પોતાની ફરજવાળી સરકારી પ્રા.શાળામાં લાખો રૂપીયાનો પગાર લેવા છતાં શાળામાં હાજર નહિ રહી પ્રાથમિક શાળાના બાળકોના અભ્યાસ સાથે ચેડા કરાઈ રહ્યા હોય ત્યારે આ બન્ને શિક્ષકોની બદલી અન્ય જીલ્લા કરવામાં આવે તેવી માંગ સાથે શિક્ષણ સચિવ ગાંધીનગરને લેખિત રજુઆત થવા પામી છે.

હાલોલ તાલુકાના સરકારી શાળાઓમાં અભેટવા પ્રા.શાળા ફરજ બજાવતા ગુણવંત પટેલ અને વિઠ્ઠલપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા વિરેન જોષી તે પોતાની શાળાઓમાં હાજર નહિ રહીને છેલ્લા ૧ વર્ષ ઉપરાંત થી હાલોલ સરસ્વતી વિદ્યામંદિર શાળામાં બન્ને સરકારી પ્રાથમિક શિક્ષકો ગુણવંત પટેલ અને વિરેન જોષી દ્વારા પોતાની પત્નિઓના નામે ખાનગી પ્રાથમિક શાળા સાથે પાંચ વર્ષ માટે ૫૦ ટકાનું એગ્રીમેન્ટ કરી બન્ને શિક્ષકો ખાનગી શાળામાં સવારે ૮.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી મેનેજમેન્ટની કામગીરી સંભાળી રહ્યા છે. સરસ્વતી વિદ્યામંદિરમાં મેનેજમેન્ટની કામગીરી સંભાળતા ગુણવંત પટેલ દ્વારા શાળાના એક વિદ્યાર્થીને મારમારતાં તેમની સામે ફરિયાદ પણ નોંધાવેલ હતી. સરકારી પ્રા.શાળાઓમાં લાખો રૂપીયાનો પગાર લેતા આ બન્ને શિક્ષકો જીલ્લા પ્રા.શિક્ષણાધિકારીના ખાસ સંબંધો હોવાને લઈ આ બન્ને શિક્ષકો વિરૂદ્ધ થતી ફરિયાદોને જીલ્લા પ્રા.શિક્ષણાધિકારી કાર્યવાહી કરતા નથી. હાલોલ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા બન્ને શિક્ષકો ખાનગી પ્રાથમિક શાળામાં પોતાની પત્નીઓના નામે મેનેજમેન્ટના લાખો રૂપીયાનો ધંધો કરીને સરકારને નુકશાન કરી રહ્યા છે. સાથે આ શિક્ષકો જે પ્રા.શાળામાં ફરજ બજાવે છે. તે શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને બગાડી રહ્યા છે. અભેટવા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ગુણવંત પટેલ શિક્ષણાધિકારી (વર્ગ-૨) તરીકે સિલેક્ટર થયેલ છે અને પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકામાં પોસ્ટીંગ મેળવવા લાગવગ કરી રહ્યા છે. જેથી સરકારી નોકરી સાથે ખાનગી શાળાનું મેનેજમેન્ટનો ધંધો પણ ચાલુ રહે ત્યારે આ બન્ને પ્રાથમિક શિક્ષકોની શિક્ષણના હિતમાં પંચમહાલ જીલ્લા અને હાલોલમાં અન્ય જીલ્લામાં બદલી કરવામાં આવે તેવી ગાંધીનગર શિક્ષણ સચિવ વિનોદ રાવને લેખિતમાં રજુઆત કરાઈ છે.

# ગુજરાત પ્રવાસે આવેલ સામાજીક ન્યાય અને અધિકારીના વિભાગ મંત્રીએ પાવાગઢ ખાતે માતાજીના દર્શન કર્યા



પાવાગઢ,

ગુજરાત પ્રવાસે આવેલા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના યુનિયન કેબિનેટ મંત્રી વિરેન્દ્રસિંહ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ માતાજીના દર્શનાર્થે પહોંચ્યા હતા. મહાકાળી માતાજીના દર્શન કરીને કેન્દ્રીય મંત્રીએ ધન્યતા અનુભવી હતી.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી વિરેન્દ્રસિંહ ગુજરાત પ્રવાસે આવ્યા છે. તેઓ પંચમહાલ જિલ્લામાં હાલ તેઓનો પ્રવાસ ખેડી રહ્યા છે. ત્યારે મંત્રી વિરેન્દ્રસિંહ પંચમહાલ જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શકિતપીઠ પાવાગઢ ખાતે દર્શનાર્થે પહોંચ્યા હતા. પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કરીને મંત્રી વિરેન્દ્રસિંહએ ધન્યતા અનુભવી હતી. શક્તિપીઠ પાવાગઢની મુલાકાત દરમ્યાન વિરેન્દ્રસિંહે ગર્ભગૃહમાં બેસીને માતાજીની પૂજા પણ કરી હતી. વરસાદી વાતાવરણને કારણે હાલમાં પાવાગઢમાં ખુશનુમાં વાતાવરણ જોવા મળી રહ્યું છે. જેને લઈને મંત્રી વિરેન્દ્રસિંહ ભાવવિભોર બન્યા હતા. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે, શક્તિપીઠ પાવાગઢ ગુજરાત રાજ્યની સાથે સાથે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા અનેક રાજ્યોના માઈભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. ત્યારે આજે પાવાગઢ ખાતે દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યો છું. પાવાગઢ ખાતે ૫૦૦ વર્ષ બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું. તે પણ એક ગર્વની વાત છે. યાત્રાધામ પાવાગઢ ખાતે યાત્રાળુઓ માટે સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. જે આવકારદાયક પગલું છે. વધુમાં મંત્ર વિરેન્દ્રસિંહે તેઓની પાવાગઢ મુલાકાત દરમ્યાન પાવાગઢના બજારોની પણ સમીક્ષા કરી હતી. સાથેસાથે પાવાગઢની મુલાકાતે આવેલા અન્ય દર્શનાર્થીઓ સાથે સંવાદ સાધીને તેઓના મંતવ્ય જાણ્યા હતા. તેઓની પાવાગઢ મુલાકાત દરમ્યાન પંચમહાલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જે.એચ. લખારા અને તેઓના અંગત સચિવ રાજીવકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

# સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, પંચમહાલ વિભાગ, ગોધરા દ્વારા નેશનલ પોસ્ટલ વીકની ઉજવણી

ગોધરા,

સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગોધરાની યાદી જણાવે છે કે, પોસ્ટ વિભાગ તારીખ ૦૯ ઓક્ટોબર થી ૧૩ ઓક્ટોબર સુધી નેશનલ પોસ્ટલ વીક ઉજવવા જઈ રહ્યું છે. પોસ્ટ વિભાગનો ઈતિહાસ ઘણો જુનો છે. ડીજીટલ યુગ પહેલા પોસ્ટ વિભાગનું મહત્વ અનેરૂં હતું. ગામડાથી લઈને શહેર સુધી ટપાલ સંદેશા વ્યવહાર માટેનું માધ્યમ હતું, પરંતુ આજના ડીજીટલ યુગમાં મોટાભાગના લોકો સંદેશો મોકલવા માટે ઈ-મેલ, મેસેજ કે સોસીયલ મીડિયાનો વધારે ઉપયોગ કરે છે તેમ છતાં આજના યુગમાં ટપાલ વિભાગની કામગીરી પ્રભાવશાળી છે. ટપાલ વિભાગ પણ નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ અને વિવિધ ઓનલાઈન સેવાઓ લોકોને ઘરે બેઠા ઉપલબ્ધ કરાવતું રહ્યું છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (IPPB) દ્વારા લોકોને પોતાના નાણા ઘરે બેઠા મેળવી શકે છે આમ પોસ્ટ વિભાગ પણ આ ટેકનોલોજીના યુગમાં કદમથી કદમ મેળવીને પોતાની સેવાઓ ગામડાના છેવાડાના માનવીઓ સુધી પન્હોચાડતું રહ્યું છે. પંચમહાલ ડીવીઝનમાં કુલ ૮૭૨ લેટર બોક્સ છે. જેમાંથી ૮૮ લેટર બોક્સ ઈલેક્ટ્રોનિક ક્લિયરન્સવાળા છે. ટપાલ વ્યવહારને જીવંત રાખવા માટે પોસ્ટ વિભાગ દ્વારા અવાર નવાર નાના મોટા કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. નેશનલ પોસ્ટલ વીક દરમ્યાન પંચમહાલ પોસ્ટલ ડીવીઝન અંતર્ગત આવતી તમામ પોસ્ટ ઓફિસો અને પોસ્ટલ સ્ટાફ નીચે જણાવેલ વિવિધ દિવસની ઉજવણીમાં ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લેશે અને ગામડાના છેવાડાના લોકો પોસ્ટની સેવાઓથી માહિતગાર થાય અને આ સેવાઓનો લાભ વધુમાં નાગરિકોને પ્રાપ્ત થાય તે હેતુથી પંચમહાલ ડીવીઝન દ્વારા નીચે જણાવેલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

# ગોધરા નગર પાલિકા રોડ ઉપર આવેલ એક્સ-રે હાઉસ ખાલી કરવાના કોર્ટના હુકમ છતાં ખાલી નહિ કરતાં સામાજીક કાર્યકર સંજય ટહેલયાણી દ્વારા કલેક્ટરને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા નગર પાલિકા બાજુમાં આવેલ પાલિકાની બિલ્ડીંગમાં એક્સ-રે હાઉસ શરૂ કરવામાં આવ્યું છે. એક્સ-રે હાઉસના વિરોધ થતાં અને ખાલી કરવાની માંગ ઉઠતા મુદ્દો કોર્ટમાં ગયો હતો. કોર્ટ દ્વારા એક્સ-રે હાઉસ ૧૨ દિવસમાં ખાલી કરવાનો હુકમ કરવા છતાં ખાલી કરવામાં નહિ આવતા શહેરના સામજીક કાર્યકર દ્વારા જીલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી.

ગોધરા નગર પાલિકા કચેરીની બાજુમાં આવેલ એક્સ-રે હાઉસ જે પાલિકાની માલિકીની બિલ્ડીંગ હોય આ બિલ્ડીંગમાં બાળ મંદિર ચાલતું હોય જે બંધ થતાં કિટલાક મળતીયા સાથે સાંઠગાંઠ કરી આ બિલ્ડીંગમાં એક્સ-રે હાઉસ બનાવવામાં આવ્યું છે. એક્સ-રે હાઉસમાં કોરોનાકાળમાં ગરીબ દર્દીઓની ઉઘાડી લુંટ કરવામાં આવી સાથે પાલિકામાં પણ એક્સ-રે હાઉસવાળી બિલ્ડીંગના ભાડા અંગેનો મુદ્દો ઉછળયો હતો. એક્સ-રે હાઉસના વિવાદો ઉભા થતા મુદ્દો કોર્ટમાં દ્વારા એક્સ-રે હાઉસને ૧૨ દિવસમાં ખાલી કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમ છતાં એક્સ-રે હાઉસ ખાલી કરાવવામાં આવ્યું ન હોય આ મુદ્દે ગોધરા સામજીક કાર્યકર સંજય ટહેલયાણી દ્વારા ખાલી કરવા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી એક્સ-રે હાઉસ ખાલી ન કરતાં પાલિકા કચેરી સામે ધરણાં કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરી સરકારી ગ્રાન્ટોમાં ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપો ભાજપના સભ્યોએ કરતાં ખડભડાટ




ઝાલોદ,

દાહોદ જિલ્લાની ઝાલોદ તાલુકાના પંચાયતમાં તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરી વિકાસના કામોમાં સરકારી ગ્રાન્ટનો મોટા પાયે ભ્રષ્ટ્રાચાર કર્યો હોવાના આક્ષેપો સાથે ખુદ ઝાલોદ તાલુકા પંચાયતના ભાજપના સભ્યો દ્વારા ઝાલોદ તાલુકા ભાજપા પ્રમુખને આ મામલે લેખિત રજુઆત કરતાં ઝાલોદ તાલુકા પંચાયત આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જાણવા મળ્યાં અનુસાર, ખુદ ભાજપના તાલુકા પંચાયતના પ્રમુખ સામે ભાજપનાજ તાલુકા પંચાયતના સભ્યો નારાજ હોવાનું પણ કહેવાઈ રહ્યું છે અને અંદરો અંદર પણ પ્રમુખ અને સભ્યોમાં નારાજગી જોવા મળી રહી છે ત્યારે તાલુકા પંચાયતના પ્રમુખને સત્તા પરથી દુર કરવામાં આવે અને પોતે રાજીનામું આપે તેવી લાગણી અને માંગણી ભાજપના તાલુકા પંચાયતના સભ્યોમાં ઉદ્ભવવા પામી છે.

ઝાલોદ તાલુકા પંચાયતના સભ્ય નિનામા મેહુલકુમાર કે. અને ભાભોર નરેશકુમાર એમ તેમજ તેમની સાથે અન્ય કેટલાંક નારાજ એવા તાલુકા પંચાયતના સભ્યો દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ કલજીભાઈ ભાભોર સામે ભારે નારાજગી દર્શાવી છે અને ઝાલોદ તાલુકા ભાજપાના પ્રમુખને લેખિત રજુઆત કરી જણાવ્યું હતું કે, તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા પોતાના સત્તાનો દુરઉપયોગ કરી તાલુકા પંચાયતના સભ્યો અને ગ્રામ પંચાયતોને અન્યાય કર્યો હોવાનું જણાવ્યું હતું. ઝાલોદ તાલુકા પંચાયતમાં ૩૮ તાલુકા પંચાયત સીટો અને તેમજ સમાવિષ્ટ પંચાયતો આવેલ છે. ઝાલોદ તાલુકા પંચાયતમાં હાલ ભારતીય જનતા પાર્ટી સમર્પિત બોડી કાર્યરત છે. રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતા વિકાસના કામો માટેની યોજનાઓમાં મુખ્યત્વે એ.ટી.વી.ટી. ટ્રાઈબલ સબપ્લાન ૧૫ ટકા આયોજન ૧૫મું નાણાં પંચ આવાસ, આરોગ્ય, પશુપાલન, શિક્ષણ, સંકલિત બાળ વિકાસ જેવી તમામ યોજનાઓમાં પંચાયતના સરપંચો જોડે ભેદભાવ રાખી મોટો અન્યાય કરી રહ્યાં હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. વિકાસના કામોની ગ્રાન્ટ તેમના સગા વ્હાલા તેમજ તેમના મળતીયાઓ તથા એજન્સીઓને ભ્રષ્ટાચાકર કરાવાના ઈરાદાથી ફાળવણી કરવામાં આવેલ અને હાલ તાલુકામાં ૧૫માં નાણાં પંચમાં ૨૦ ટકા તાલુકા પંચાયતની ગ્રાન્ટમાં પણ તેમણે સત્તાનો દુરઉપયોગ કરી વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ ની ગ્રાન્ટ તાલુકા પંચાયતની કમીટી તેમજ તાલુકા પંચાયતના સભ્યોના સુચવેલ વિકાસ કામોની અવગણના કરી કરોડો રૂપીયા ગ્રાન્ટની બીન જરૂરી જગ્યાએ ઉપયોગ કરી મોટાપાયે ભષ્ટાચાર કરેલ હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. વધુમાં તાલુકા પંચાયતના સભ્યો દ્વારા જણાવ્યાં અનુસાર, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ કલજીભાઈ ભાભોરએ તાલુકા પંચાયતના સભ્યોનો વિશ્વાસ ગુમાવી બેઠા છે. તેમજ હવે તાલુકા પંચાયત સભ્ય કાયદાકીય કાર્યવાહી કરવા મજબુર બન્યા તેના ભાગરૂપે તાલુકા પંચાયત પ્રમુખ પ્રમુખ પદેથી રાજીનામુ આપે તેવી ઝાલોદના ભાજપના પ્રમુખ સામે તાલુકા પંચાયતના સભ્યોએ રજુઆત કરી છે. અત્રે ઉલેખનીય છે કે, ઝાલોદ તાલુકા પંચાયતના નારાજ સભ્યો દ્વારા તાલુકા ભાજપા પ્રમુખ સાથે સાથે આ મામલે ગાંધીનગર તેમજ ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરનાર છે ત્યારે આ પ્રકરણ આગામી દિવસોમાં કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું છે. અંદરો અંદર ભાજપ બોડીમાંજ તાલુકા પંચાયતના પ્રમુખથી ભાજપનાજ તાલુકા પંચાયતના સભ્યો નારાજ હોઈ અનેક ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે.

# ગોધરા-વડોદરા હાઈવે ઉપર આવેલ વેજલપુર ખેડા ફળિયામાં એક્સિડન્ટના એકજ જગ્યાએ બે અલગ બનાવ



ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ વેજલપુર ખેડા ફળિયા પાસે ગોધરા થી વડોદરા તરફ જતા અકસ્માતના બે અલગ અલગ થોડોક સમયના અંતરમાં એકજ જગ્યાએ બે અકસ્માતના બનાવ બનવા પામ્યા હતા. જેમાં પેહલા અકસ્માતમાં ફોર વહીલ ગાડી થઈ એક ગાયનું ઘટના સ્થળે મોત થયું હતું. ત્યારે બીજી તરફ એજ જગ્યાએ થોડા સમયના અંતરમાં બીજી ફોર વ્હીલ ગાડીને કન્ટેનર એ અડફેટમાં લીધી હતી. એમાં મહિલા સહિત પરિવારનો આબાદ બચાવ થયો હતો. સદ્દનસીબે કોઈ જાણ હાનિ થય ન હતી. જેથી જેથી ગાડીમાં સવાર લોકોએ રાહતની શ્વાસ લીધી ઘટનાની જાણ વેજલપુર પોલીસને થતા ઘટના સ્થળે વેજલપુર પોલીસ પહોંચી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા તાલુકાના કલ્યાણા ગામે રોડ સાઈડના પાણી ભરેલ ખાડામાં પડેલ ૩૫ વર્ષીય યુવાનનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના કલ્યાણ ગામે સરકારી દવાખાના જતા રોડ સાઈડમાં આવેલ ખાડામાં ૩૫ વર્ષીય યુવાનનું ખાડામાં પી જઈ પાણી પી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કલ્યાણા ગામે સરકારી દવાખાના જતા રોડ સાઈડમાં આવેલ પાણી ભરેલા ખાડામાં પ્રવિણભાઈ ખીમાજીભાઈ મારવાડી ઉ.વ.૩૫ (રહે.ગોઠડા, ટીમ્બા રોડ, ઓમનગર સોસાયટી) પડી જતાં પાણી પી જવાથી મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદના ખંગેલા નજીક ઈન્દોર હાઈવે ઉપર આઈસર ટ્રકે ઉભેલી ટ્રકમાં ધડાકાભેર અથડાતા આઈસર ચાલકનું મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર પાછળથી પુર ઝડપે આવતી આઈસર ટ્રકે ઉભેલી ટ્રકને પાછળથી જોશભેર ટક્કર મારતા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં આઈસર ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે.

ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર છાશવારે બનતા માર્ગ અકસ્માતોના કારણે આ હાઈવે હવે અકસ્માત હાઈવે તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યો છે. વાહન ચાલકોની પૂર ઝડપ અને ગફલતના કારણે નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતના બનાવવામાં છેલ્લા કેટલાય સમયથી વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજરોજ પુનઃ આ હાઈવે પર એક માર્ગ અકસ્માત સર્જાતા એકનું મોત થયું હોવાનું પ્રાથમિક તબક્કે માહિતીઓ પ્રાપ્ત થયેલી છે. જેમાં વલસાડ તાલુકાના ઉદવાડા ખાતેથી કનૈયાલાલ સુરેશભાઈ કુમાવત રહે. ગુણાવદ જીલો ધાર મધ્ય પ્રદેશ ખાતેનો ચાલક કંપનીમાંથી નવી નક્કોર આઈસર ગાડી લઈને મધ્યપ્રદેશના પીથમપુર જવા નીકળ્યો હતો. જ્યાં રસ્તામાં દાહોદ નજીક ખંગેલા ગામે ગુજરાત મધ્યપ્રદેશ આંતરરાજ્ય ચેક પોસ્ટ પર ટ્રક જેનો એક્સેલ તૂટી જતા બગડેલી હાલતમાં રસ્તાની બાજુમાં ઉભેલી હતી. જેમાં પાછળથી પુરઝડપે આવી રહેલા ઉપરોક્ત કનૈયાલાલે ઉભેલી ટ્રકમાં જોશભેર ટક્કર મારતા નવી નક્કોર આઈસર ટ્રકનો આગળનો ભાગનો ખુરદો બોલાઈ જતા આઈસર ટ્રકના ચાલક કનૈયાલાલનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ત્યારબાદ ઉપરોક્ત ઘટનાની જાણ કતવારા પોલીસ ને થતા કતવારા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને જેસીબીની મદદ વડે કનૈયાલાલ કુમાવતના મૃતદેહને બહાર કાઢી પીએમ માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો. હાલ કતવારા પોલીસે આ ઘટના સંદર્ભે અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ કરી છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકામાં શિવ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ગીય વિનોદભાઈ કાલિદાસના સમાણાર્થે પરમ પૂજ્ય ગીરીબાપુના મુખેથી શિવ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૯-૧૦-૨૦૨૨ થી ૬-૧૧-૨૦૨૨ ના રોજ સમય ૩.૦૦ થી ૬.૦૦ રાખવામાં આવ્યો છે. તેનો જાહેર જનતાને આમંત્રણ છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઈદ એ મિલાદુન નબીના તહેવાર નિમિત્તે દાહોદના જાહેર માર્ગો પર જુલુસ કાઢવામાં આવ્યું હતું. ઈદે મિલાદુન નબીના તહેવાર નિમિત્તે દાહોદના વિવિધ મોહલાના આમિલોને આગેવાની હેઠળ જુલુસ કાઢવામાં આવ્યું હતું.

# દે.બારીયા શહેરમાં ઈદે મિલાદુન્નબીનું શાનદાર ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારના સુન્ની બિરાદરના દ્વારા ઈદે મિલાદુન્નબ જન્મદિનની ઉજવણીના ભાગરૂપે તા.૯/૧૦/૨૦૨૨ના રવિવારનાર રોજ શહેરના વિવિધ મસ્જીદોમાં સવારે ફજરની નમાઝથીજ મુએ મુબારક દરેક વર્ષ હુઝુરના મુએ મુબારકની ઝયારત કરાતી હોય છે. ખજુર, પેંડા તેમજ દુધ, કોલ્ડ્રીંકસની નિયાઝ તકશીમ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રબીઉલ અવ્વલના પ્રથમ ચાંદથીજ ભે દરવાજા મકસા એ કાદરીયાના પર આંગણમાં સતત બાર દિવસ આકા કી આમદના વિશે તકદીરનું આયોજન મીલાદ કમીટીના દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કસ્બા સુન્ની જામા મસ્જીદના પેસે ઈમામ તથા મદ્રસાએ ફૈજાને અશરફ તથા મદ્રસાએ કાદરીયાના મુદરીસ તસરીફ ફરમાવતા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલા, પુરૂષ તથા બાળકોના ઈમાના તાઝા કરી રહ્યા હતા. જેમાં નાતખ્વાજનાબ મુખ્તાર બેગ મીરઝા તેમજ વહાબ બાપુ સરસ સુફી આવાઝમા નાત પડતા તેમજ સલાતો સલામ પણ પડતા હતા. આજરોજ રવિવારના રોજ ઈદે મિલાદુન્નબીના પ્રસંગે ૨૦ કિલોનો કેક કાપી ચીસ્તીયા ફ્રેન્ડ સર્કલના દ્વારા તકસીમ કરાયું હતું. જુલુશનો સમય સવારે ૧૦ થી ૨ કલાકનો અપાયો હોવા છતાં પોલીસ પ્રશાસનના દ્વારા ઉતાળવનો ખોટો આગ્રહ કરાતો હતો. મુસ્લીમ લઘુમતીઓના તહેવારની ઉજવણીમાં ભારતીય સંવિધાન મુજબ સ્વતંત્ર રીતે ઉજવણી કરવાનો હકક અપાયો છે. તે પોલીસ પ્રસાશન છીન્વી રહી હતી. પોલીસ પ્રશાસનને સંપૂર્ણ સહયોગ આપવા છતાં જલ્દી શાની હતી. તે સમજાતું નથી તે યક્ષ પ્રશ્ન ઉપસ્થિત થવા પામ્યો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી કબીરકૃપા
ગ્રા.સ.ભં.લી.
તરફથી અભીનંદન....
મુ. નગવાવ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.43